Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol. 1, Issue: 159, Nov, 2025
Paper ID: RRJ554597
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-4-issue-158-october-2025/RRJ554597

# આદિવાસી સમાજની ભાષાનું જતન

Chaudhary Rinkalben D.
Research Scholar,
Shri Govind Guru University, Godhra.

**સારાંશ :**

એવું કહેવાય છે કે ‘બાર ગાવુંએ બોલી બદલાય’. સમસ્ત જીવ સૃષ્ટિમાં માત્ર માનવી જ એવું પ્રાણી છે કે જે ભાષાઓનો ઉપયોગ કરી શકે છે અને એ જ ભાષાના માધ્યમથી પોતાનું સાહિત્ય વસાવી શકે છે. અહિયાં આદિવાસી સમાજની ભાષા વિશે વાત કરીશું. આદિવાસી સમુદાયોની ભાષાઓ સાંસ્કૃતિક વારસાની દ્રષ્ટિએ મહત્વપૂર્ણ છે. આ ભાષાઓ માત્ર વાતચીતનું માધ્યમ નથી પરંતુ તે આદિવાસી સમાજની હજારો વર્ષોની સંસ્કૃતિ, ઈતિહાસ, પરંપરા, જ્ઞાન અને ઓળખનો ખજાનો છે. વર્તમાન સમયમાં વૈશ્વિકીકરણ, શહેરીકરણના પ્રભાવને કારણે અનેક આદિવાસી ભાષાઓ વિલુપ્ત થવાને આરે છે. આદિવાસી સમુદાય ભારતના મૂળ નિવાસી છે તેમની પોતાની અલગ ભાષા, સંસ્કૃતિ અને જીવનશૈલી છે. યુનેસ્કોની રિપોર્ટ અનુસાર વિશ્વની અનેક ભાષાઓ આગામી કેટલાક દાયકાઓમાં લુપ્ત થવાની સંભાવના ધરાવે છે. જેમાં આદિવાસી ભાષાઓની સંખ્યા વધુ છે. ભાષા લુપ્ત થવી એટલે માત્ર શબ્દોનો નાશ નહીં પરંતુ એક સંપૂર્ણ સંસ્કૃતિ અને જ્ઞાન પરંપરાનો અંત. ભાષાઓ આદિવાસી સંસ્કૃતિનુ જીવંત દસ્તાવેજ છે. આ સંશોધન આદિવાસી ભાષાઓની હાલની સ્થિતિ, વિલુપ્તિના કારણો અને તેમના સંરક્ષણ માટેના ઉપાયોનું વિશ્લેષણ કરે છે.

**ચાવીરૂપ શબ્દ** : આદિવાસીઓની ભાષા, ભાષા સંરક્ષણ, ભાષા વિલુપ્તિ, મુખ્ય પ્રવાહ.

ભારતમાં અંદાજે ૭૦૦થી વધુ ભાષાઓ બોલાય છે જેમાંથી ઘણી આદિવાસી ભાષાઓ છે જેમ કે ભીલી, ગોંડ, સંથાલી, કોકણી, વરલી વગેરે. પરંતુ આજે સ્થાનીક ભાષા બોલનારા લોકોની સંખ્યા ઘટી રહી છે. યુવા પેઢી માતૃભાષા છોડીને પ્રાદેશિક અથવા અંગ્રેજી ભાષા અપનાવી રહી છે અને આપણી માતૃભાષા માત્ર વડીલો સુધી સીમિત રહી ગઈ છે.

**આદિવાસી ભાષાઓની વિલુપ્તિના મુખ્ય કારણો :**

**૧. આધુનિક શિક્ષણ વ્યવસ્થાનો પ્રભાવ :**

આધુનિક સમયમાં મોટાભાગની શાળાઓમાં માતૃભાષાના બદલે અંગ્રેજી ભાષામાં શિક્ષણ આપવામાં આવે છે. આથી બાળકો પોતાની મૂળ ભાષાથી દૂર થાય છે. આધુનિક સમયમાં જ્યાં સોશિયલ

મીડિયા કે ટેકનોલોજીના યુગમાં આદિવાસી ભાષાઓનું પ્રતિનિધિત્વ ઓછું છે. આથી બાળકો અંગ્રેજી કે હિન્દી પ્રવાહને વધુ મહત્વ આપે છે.

**૨. શહેરીકરણ અને સ્થળાંતર :**

આદિવાસી સમાજ જંગલમાં વસવાટ કરે છે આધુનિક સમયમાં મોંઘવારી વધી હોવાથી આ સમાજના લોકો પોતાના પરિવારના ભરણપોષણ માટે રોજગાર મેળવવા માટે શહેરોમાં સ્થળાંતરણ કરે છે. આથી શહેરમાં આવી તે મુખ્ય ભાષાઓ અપનાવે છે. (જેમકે હિન્દી, અંગ્રેજી કે ગુજરાતી) અને પોતાની પરંપરાગત ભાષાથી દૂર થાય છે.

**૩. સામાજિક અને આર્થિક દબાણ :**

આદિવાસી ભાષાઓને ઓછું મહત્વ આપવાની માનસિકતાના કારણે લોકો પોતાની ભાષા બોલવામાં સંકોચ અનુભવે છે. મુખ્ય પ્રવાહની ભાષાઓને પ્રગતિનું સૂચક માનવામાં આવે છે. જ્યારે આદિવાસી ભાષાઓની પછાત ગણીને અવગણવામાં આવે છે.

**૪. લેખિત સાહિત્યનો અભાવ :**

ઘણી આદિવાસી ભાષાઓ લખાણમાં ઉપલબ્ધ નથી આદિવાસી ભાષાઓ મૌખિક પરંપરા પર આધારિત છે. તેમની પોતાની લિપિ ન હોવાને કારણે તે દસ્તાવેજ સ્વરૂપે સચવાઈ નથી. તેમજ ઇન્ટરનેટ અને ટેકનોલોજી પર પ્રભાવી ભાષાઓનો કબજો હોવાથી આદિવાસી ભાષાઓ પાછળ રહી જાય છે.

**આદિવાસી ભાષાઓનું મહત્વ :**

- જંગલી વનસ્પતિઓ, ઔષધિઓ અને પ્રાણીઓના વર્તન વિશેનું જ્ઞાન આ ભાષાઓમાં જ જળવાયેલું છે.
- ભાષા એ આદિવાસી સમુદાયની વિશિષ્ટ ઓળખ છે. તેના વિના તેમના લોકગીતો, વાર્તાઓ અને ધાર્મિક વિધિઓ અર્થહીન બની જાય છે.
- વિશ્વની ભાષાકીય વિવિધતા એ જૈવ-વિવિધતા જેટલી જ મહત્વની છે.

**ભાષા લુપ્ત થવાથી થતું નુકસાન :**

- જ્યારે એક ભાષા મરે છે ત્યારે તેની સાથે એક આખું વિશ્વદર્શન નષ્ટ થાય છે.
- જ્યારે એક ભાષા લુપ્ત થાય છે, ત્યારે માત્ર શબ્દો જ નથી ખોવાતા ભાષાની સાથે રીતરિવાજો અને ઓળખ ખોવાઈ જાય છે.
- પરંપરાગત દવાઓ અને કૃષિ પદ્ધતિઓનું જ્ઞાન કાયમ માટે ખોવાઈ જાય છે.
- લોકગીતો, વાર્તાઓ અને સાંસ્કૃતિક ઓળખ ખતમ થાય છે.

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol. 1, Issue: 159, Nov, 2025
Paper ID: RRJ554597
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-4-issue-158-october-2025/RRJ554597

- પર્યાવરણ સાથેના સંબંધની વિશિષ્ટ દ્રષ્ટિ લુપ્ત થાય છે. પરંપરાગત જ્ઞાનનું નુકશાન આદિવાસીઓની આર્થિક સ્વાવલંબનને અસર કરે છે.
- સમુદાયના સભ્યો વચ્ચેનો સાંસ્કૃતિક સેતુ તૂટી જાય છે, જેનાથી માનસિક અને સામાજિક વિખંડન થાય છે.

**સંરક્ષણ માટેના ઉપાયો :**

આદિવાસી ભાષાઓનું સંરક્ષણ એ માત્ર આદિવાસી સમાજની જ ફરજ નથી પરંતુ તે આપણા બધાની ફરજ છે જો આપણે આજે જાગૃત નહીં થઈએ તો આવનારી પેઢીઓ એક સમૃદ્ધ જ્ઞાનભંડારથી વંચિત રહી જશે. સાંસ્કૃતિક મહત્વ ધરાવતી ભાષાઓને બચાવવા માટે બહુપક્ષીય પ્રયાસો કરવા જરૂરી છે

- નવી શિક્ષણ નીતિ(NEP 2020) મુજબ પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં આપવાના અમલીકરણ પર ભાર મૂકવો.
- ઓડિયો-વિડિયો રેકોર્ડિંગ દ્વારા આદિવાસી લોકસાહિત્ય અને શબ્દકોશ તૈયાર કરવા.
- આદિવાસી યુવાનોને પોતાની ભાષા બોલવા માટે ગર્વ અનુભવાય તેવા કાર્યક્રમો યોજવા.
- ગૂગલ ટ્રાન્સલેટ જેવા પ્લેટફોર્મ પર આદિવાસી ભાષાઓનો સમાવેશ કરવો.
- આદિવાસી ભાષાઓનો શબ્દકોશ અને વ્યાકરણ તૈયાર કરવુ.

**નિષ્કર્ષ :**

આદિવાસી ભાષાઓનું સંરક્ષણ એ માત્ર આદિવાસીઓનો વિષય નથી પરંતુ માનવતાના વારસાને બચાવવાનો વિષય છે. જો આપણે આ ભાષાઓને ગુમાવીશું તો આપણે પૃથ્વી પર રહેવાની અને પ્રકૃતિને સમજવાની એક અનન્ય રીત ગુમાવીશું. સરકાર, શિક્ષણવિદો અને સમાજએ સાથે મળીને આ "ભાષાકીય નરસંહાર" અટકાવવો પડશે. જો સમયસર યોગ્ય પગલાં લેવામાં નહીં આવે તો અનેક ભાષાઓ સદાય માટે લુપ્ત થઈ જશે. આદિવાસી ભાષાઓની વિલુપ્તિ ભારતની સાંસ્કૃતિક વિવિધતાને મોટું નુકસાન પહોંચાડી શકે છે. આદિવાસી સમાજની આ ભાષાગત સંસ્કૃતિને બચવવા દસ્તાવેજીકરણ અને સ્થાનિક ભાષામાં શિક્ષણ જેવા પગલાં આ જોખમને ઘટાડી શકાય છે. સરકાર, સમુદાય અને સંશોધકોના સંયુક્ત પ્રયાસો જરૂરી છે. જેથી આ ભાષાઓ અને તેમની સાથે જોડાયેલી સંસ્કૃતિ જીવંત રહે. સરકાર, શિક્ષણ સંસ્થાઓ, સંશોધકો અને સમાજે મળીને આદિવાસી ભાષાઓના સંરક્ષણ માટે પ્રયત્ન કરવો અનિવાર્ય છે. ભાષા બચાવવી એટલે ઓળખ, ઇતિહાસ અને સંસ્કૃતિ બચાવવી.

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708
Vol. 1, Issue: 159, Nov, 2025
Paper ID: RRJ554597
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-4-issue-158-october-2025/RRJ554597

**સંદર્ભસૂચિ :**

- દોશી ટીના, ***આદિવાસી આંદોલનો અને આઝાદીની ચળવળ***, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ૨૦૦૩, ગાંધીનગર.
- હસુતાબેન શશીકાંત, ***ગુજરાતની લોકસંસ્કૃતિ***, ૧૯૯૪, અમદાવાદ.
- અરૂણ વાઘેલા, ***ગુજરાતની આદિવાસી ચળવળો***, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ૨૦૧૯, અમદાવાદ.